# Std 11 Gujarati Textbook Solutions Chapter 13 પૂજારી, તું પાછો જા

## સ્વાધ્યાય

### 1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :

**પ્રશ્ન 1. ઈશ્વરને પોતાના કાન ફૂટતા હોય તેવું શાથી લાગે છે?**

ઉત્તરઃ

ઘટના મોટા અવાજે ઈશ્વરને પોતાના કાન ફૂટતા હોય તેવું લાગે છે.

**પ્રશ્ન 2. ઈશ્વરને ભવ્ય મંદિર કેવું લાગે છે?**

ઉત્તરઃ

ઈશ્વરને ભવ્ય મંદિર બંધનકર્તા લાગે છે.

**પ્રશ્ન 3. ઈશ્વર મંદિરની દીવાલો શાથી તોડી નાખવાનું કહે છે?**

ઉત્તરઃ

ઈશ્વરને મંદિરની દીવાલો બંધનકર્તા લાગે છે, તેના પથ્થરો તેને ગમતા નથી, તે પ્રેમનું ચિહ્ન નથી તેથી તે મંદિરની દીવાલો તોડી નાંખવાનું કહે છે.

### 2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :

**પ્રશ્ન 1. ઈશ્વર સાચી પૂજા કોની ગણાવે છે? શા માટે?**

ઉત્તર :

ઈશ્વર સાચી પૂજા દિવસરાત મહેનત કરીને ઘંટ ઘડે છે તેની ગણાવે છે. તેમાં તેની શ્રદ્ધા રહેલી હોય છે.

**પ્રશ્ન 2. નામ ખાટી જનારા લોકો પર ઈશ્વરે શો કટાક્ષ કર્યો છે?**

ઉત્તર :

ઈશ્વર નામ ખાટી જનારા લોકો નવરા છે તેમ કટાક્ષ કરતાં કહે છે. લોહીનું પાણી કરી મંદિરનું નિર્માણ કરનારાના નામે તેઓ નામ ખાટી જાય છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**પ્રશ્ન 3. ઈશ્વરની દૃષ્ટિએ સાચો અર્થ અને સાચો ધુપ શો છે?**

ઉત્તરઃ

ઈશ્વરની દષ્ટિએ સાચો અર્થ ખેડૂતના નખમાં ભરાતી માટી છે. સાચો ધૂપ તેનો પરસેવો છે.

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. ઈશ્વર પૂજારીને પાછો જવાનું શા માટે કહે છે? આ વાત કાવ્યને આધારે સમજાવો.**

ઉત્તરઃ

પૂજારી મંદિરમાં કાન ફૂટે તેવા ઘંટનાદ કરે છે, ધૂપ કરે છે, ભગવાનને ફૂલમાળા પહેરાવે છે. આ ભભકા અને ઠારા ત્યાં આવનાર જનતાને આંજી દેતા હોય છે, પરંતુ ઈશ્વરને આ પ્રકારનું નૈવેદ્ય ગમતું નથી, તેનાથી તેનું અંગ અપવિત્ર થાય છે.

ઈશ્વર તો પ્રેમનો ભૂખ્યો છે. તેને આવાં પૂજા, અર્ચનાનાં બંધનો ખપતાં નથી. આથી ઈશ્વર પૂજારીને પાછા જવાનું કહે છે.

**પ્રશ્ન 2. આ કાવ્યનો કેન્દ્રવર્તી વિચાર તમારા શબ્દોમાં લખો.**

ઉત્તરઃ

પૂજારી, તું પાછો જા’ કાવ્યમાં પ્રેમ, ભક્તિનો મહિમા છે. પ્રભુ પ્રેમનો ભૂખ્યો છે. ભવ્ય મંદિરોમાં આંજી નાખે તેવા ભભકા અને ઠઠારા થતા હોય છે, પરંતુ ઈશ્વર તેનાથી રાજી થતો નથી, તે અકળામણ અનુભવે છે.

મંદિરના ખરા પૂજારી મંદિરનિર્માણમાં મહેનત કરનાર મજૂર વર્ગ છે. પરંતુ તેઓને મંદિરમાં પ્રવેશ નિષેધ હોય છે. આપણે આડંબર અને અહંકાર છોડીને, શ્રદ્ધાથી ઈશ્વરની પૂજા કરવી – જોઈએ.

**પ્રશ્ન 3. પૂજારી તું પાછો જા’ – શીર્ષક સમજાવો.**

ઉત્તરઃ

મંદિરમાં પૂજારી કાન ફૂટે તેવો ઘંટનાદ કરે છે, શ્વાસ રૂંધાય તેવો ધૂપ કરે છે, ઈશ્વરને ફૂલમાળા ચડાવે છે. આ બધી બાહ્ય વિધિઓ ચીલાચાલુ હોય છે. તેમાં શ્રદ્ધા, પ્રેમ ને ભક્તિ હોતાં નથી.
આવા આડંબર કરનારા મંદિર પર પોતાના અધિકારો સ્થાપી શ્રદ્ધાનો વેપાર કરે છે. તેમાં તેઓનો સ્વાર્થ જ રહેલો હોય છે. તેથી ઈશ્વર અકળામણ અનુભવે છે. તે પૂજારીને પાછા જવા કહે છે. ઈશ્વરને મન મહેનત કરી, પરસેવો પાડી રોટી રળનારા જ સાચા પૂજારી છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in